PARLE **MAHOTSAV**

Organiser - **ADV. PARAG ALAVANI,** President, Vile Parle Cultural Centre
2, Amber Palace, Chittaranjan Road, Vile Parle (East), Mumbai 400 057.
Tel.: 26136513, 26177125 • Website : www.parlemahostav.com

PARLE **MAHOTSAV**

**અખબારી યાદી**

# પાર્લે મહોત્સવમાં ભાગ લેવાની બેહદ ખુશી થઈ: આદિત્ય ઠાકરે

**મુંબઈ:** પાર્લે મહોત્સવ અત્યંત અનોખો ઉપક્રમ છે. આથી જ તેમાં ભાગ લેવામાં મારી ખુશીનો કોઈ પાર નથી, એમ યુવા સેનાના પ્રમુખ આદિત્ય ઠાકરેએ જણાવ્યું હતું. એક જ વિસ્તારમાં અલગ અલગ પ્રકારની ૩૮ સ્પર્ધામાંથી હજારો લોકો એકત્ર આવ્યા એવું ભાગ્યે જ જોવા મળે છે. એડ. પરાગ અળવણી આ બાબતે ધન્યવાદને પાત્ર છે. ખાસ કરીને મને પણ આ મંચ પરથી ઊતરીને હવે રમતમાં ભાગ લેવાનું મન થાય છે, એમ તેમણે જણાવ્યું હતું.

આદિત્યે આ સમયે યુવાનો સાથે પોતે સંવાદ સાધવા માટે સતત તૈયાર હોવાનું જણાવ્યું હતું. અહીં હાજર કેટલા લોકો ફેસબુક પર છે એવું પુછાતાં સેંકડો યુવાનોએ પોતાના હાથ ઉપર કર્યા હતા. તમને કોઈ પણ સમસ્યા હોય તો તો ફેસબુક પર જણાવશો એવો અનુરોધ પણ તેમણે કર્યો હતો.

૧૪મા પાર્લે મહોત્સવના સાતમા દિવસે સૌથી ખાસ આકર્ષણમાં મલ્લખાંબ સ્પર્ધામાં જાપાનીના કેકો અને આર્જેન્ટિનાના નિકોલસ સેડ્ઝે મલ્લખાંબની જીવસટોસટની કસરતો કરી બતાવી ત્યારે હાજર સૌકોઈ સ્તબ્ધ રહી ગયા હતા. છ વર્ષની નંદિની વાયકર ખાસ દુબઈથી નૃત્ય સ્પર્ધામાં ભાગ લેવા માટે આવી હતી. વોલીબોલ અને થ્રોબોલ સ્પર્ધામાં કેરળ, તામિલનાડુ, કર્ણાટકની રાષ્ટ્રીય ટીમોના ખેલાડીઓ તેમ જ મહારાષ્ટ્રના સાંગલી, સાતારા, પુણે, ધુળે, નાગપુર અને સંભાજી નગરની ટીમોએ પણ હાજર સૌને સ્તબ્ધ કરી દીધા હતા. આ વર્ષે વોલીબોલમાં ૧૧૬, કબડ્ડીમાં ૧૬૦ અને ફૂટબોલમાં ૯૦ ટીમોએ ભાગ લીધો છે. આ જ રીતે ચેસ, બેડમિંટન સહિત સર્વ ઈન્ડોર રમતને પણ સારો પ્રતિસાદ મળ્યો છે.

પાર્લે મહોત્સવનમાં નૃત્ય, સમૂહનૃત્ય, સ્વરચિત કાવ્ય વાંચન જેવી સ્પર્ધાઓને પણ ૭મા દિવસે સારો પ્રતિસાદ મળ્યો હતો. લગભગ ૪૦૦૦ સ્પર્ધકે ભાગ લીધ છે. હમણાં સુધી ચિત્રકળા, વ્યંગચિત્ર, મેહંદી સહિતની સ્પર્ધામાં ૫૦૦૦ સ્પર્ધકોએ ભાગ લીધો છે. એકંદરે ૧૪મા પાર્લે મહોત્સવમાં મહારાષ્ટ્રના ખૂણેખાંચરેથી રાજ્યોમાંથી લોકોએ સારો પ્રતિસાદ આપ્યો વિદેશમાં દુબઈ, જાપાનથી પણ સ્પર્ધક આવ્યા છે એ ખુશીની વાત છે, એમ એડ. પરાગ અળવણીએ જણાવ્યું હતું.